ગાંધીનગર સમાચાર

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો

## રાજનાથસિંહને ગૃહ મળતા મોદી બાદ બીજા નંબરનો દરજ્જો

નવી દિલ્હી, તા. ૨૭

નરેન્દ્ર મોદીએ આજે સવારે વિધિવતરીતે દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. આની સાથે જ તેઓએ પ્રધાનોના ખાતાઓની ફાળવણી પણ કરી દીધી હતી. પોતાના પૂર્વગામીની જેમ જ વડાપ્રધાને લોક ફરીયાદ, પેન્શન, અંતરીક્ષ વિભાગ, અણુ ઊર્જા જેવા ખાતા પોતાની પાસે રાખ્યા છે. જયારે અન્ય મહત્વપૂર્ણ વિભાગોની ફાળવણી કરી હતી. શક્યતા જેવી હતી તે રીતે જ ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. ભાજપ પ્રમુખ રાજનાથસિંહને ગૃહ મંત્રાલયની જવાબદારી સોંપાઈ હતી. આનો મતલબ એ થયો કે સરકારમાં તેમનો દરજ્જો મોદી બાદ બે નંબરનો ગણવામાં આવશે. ધારણા પ્રમાણે જ અરૂણ જેટલીને નાણાં અને સંરક્ષણ અને કંપની મામલાઓના પ્રધાન બનાવવામાં આવ્યા છે. સુષ્મા સ્વરાજને વિદેશ મંત્રાલયની જવાબદારી સોંપાઈ હતી જ્યારે કર્ણાટકમાંથી સાંસદ ગૌડાને રેલવેની જવાબદારી સોંપાઈ છે. રવિશંકર પ્રસાદ કાયદા, દૂર સંચાર અને આઈટી વિભાગ સંભાળશે. નિતિન ગડકરી ભૂમિ પરીવહન મંત્રાલય સંભાળશે. રામવિલાસ પાસવાનને ગ્રાહક બાબતોના મંત્રાલય



બનાવવામાં આવ્યા છે. ગજપતિ રાજુ નાગરિક ઉડ્ડયન પ્રધાન તરીકેની જવાબદારી સંભાળશે. આજે સવારે મોદી તેમના સમય મુજબ જ પહોંચીને વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી અને પ્રથમ દિવસે તેમની કામગીરી પણ હાથ ધરી હતી. વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ મોદીએ પીએમઓના સિનિયર અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.સવારે નવ વાગે મોદીએ પીએમ તરીકેનો હવાલો સંભાળી લીધો હતો. હાલ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટી ભાજપને ઐતિહાસિક જીત અપાવીને નવા રેકોર્ડ સર્જ્યા બાદ ગઈકાલે સાંજે નરેન્દ્ર મોદીએ અભૂતપૂર્વ સુરક્ષા અને પાકિસ્તાન સહિત વિશ્વના અનેક દેશોના વડાઓની ઉપસ્થિતમાં ભારતના નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. નરેન્દ્ર મોદીએ ભારતના ૧૫માં વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. મોદીના શપથની સાથે-સાથે કેબિનેટના તમામ ૪૫ પ્રધાનોએ પણ શપથ લીધા હતા. જેમાં ૨૪ કેબિનેટ, ૧૧ રાજ્યંમત્રી અને ૧૦ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)નો સમાવેશ થાય છે. મોદી રાત્રે ૭ આરસીઆરમાં રોકાયા હતા અને આજે સવારે નવ વાગે વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી હતી. મોદીએ ગઈકાલે શપથ લીધા બાદ કેબિનેટના સાથીઓએ પણ શપથ લીધા હતા. નિતિન ગડકરી, વૈંકેયા નાયડુ, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. નરેન્દ્ર મોદીની હાઈ પ્રોફાઈલ શપથવિધીને યાદગાર બનાવવા માટે છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી.

દેશના કરોડો લોકોમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર મોદીએ ગઈકાલે સાંજે દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી મોદીને મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. લોકસભાની ચૂંટણીમાં ભાજપે મોદીની પ્રચંડ લહેર વચ્ચે ઈતિહાસ સર્જીને સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી હતી. ભાજપે એકલા હાથે કુલ ૨૮૩ બેઠકો જીતી હતી.જ્યારે ભાજપના તમામ સાથીઓની બેઠકોની ગણતરી કરવામાં આવે તો આંકડો ૩૩૭ પર પહોંચી જાય છે. નરેન્દ્ર મોદી સરકારની રચનાની પ્રક્રિયા અગાઉ પૂર્ણ કરાઈ હતી.

## કોને કયુ ખાતું અપાયું......

નવીદિલ્હી, તા. ૨૭

નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકેનો હવાલો આજે સવારે સંભાળી લીધા બાદ તરત જ ખાતાઓની ફાળવણી કરી હતી. મોદીએ પોતાની પાસે પેન્શન, અણુ ઉર્જા, અંતરીક્ષ વિભાગની જવાબદારી રાખી છે. કોને કયુ ખાતું અપાયું છે તે નીચે મુજબ છે.

| નરેન્દ્ર મોદી મંત્રી મંડળ | |
|---|---|
| **નામ** | **ખાતું** |
| નરેન્દ્ર મોદી (વડાપ્રધાન) | પેન્શન, અણુ ઉર્જા, અંતરીક્ષ વિભાગ |
| **કેબિનેટ પ્રધાનો** | |
| રાજનાથસિંહ | ગૃહ મંત્રાલય |
| સુષ્મા સ્વરાજ | વિદેશ મંત્રાલય, પ્રવાસી ભારતીય |
| અરૂણ જેટલી | નાણાં, કોર્પોરેટ બાબત, સંરક્ષણ |
| વૈંકેયા નાયડુ | શહેરી વિકાસ, આવાસ, શહેરી ગરીબી નાબુદી |
| નિતિન ગડકરી | માર્ગ પરિવહન અને રાજમાર્ગ |
| સદાનંદ ગૌડા | રેલવે |
| ઉમા ભારતી | જળ સંશાધન, નદી વિકાસ, ગંગા પુનઃજીવન |
| નજમા હેમુલ્લા | લઘુમતી બાબતો |
| ગોપીનાથ મુંડે | ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, સ્વચ્છ પાણી |
| રામવિલાસ પાસવાન | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિત્તરણ |
| કલરાજ મિશ્રા | લઘુમતી અને મધ્યમ ઉદ્યોગ |
| મેનકા ગાંધી | મહિલા અને બાળવિકાસ |
| અનંતકુમાર | રસાયણ અને ખાદ્ય |
| રવિશંકર પ્રસાદ | દૂરસંચાર અને કાયદો |
| અશોક ગજપતિ | નાગરીક ઉડ્ડયન |
| અનંત ગીતે | ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગ |
| હરસિમરત કૌર | ખાદ્ય પ્રોસેસીંગ પ્રધાન |
| નરેન્દ્રસિંહ તૌમર | માઈનીંગ, સ્ટીલ, શ્રમ રોજગાર |
| જુએલ ઉરાંવ | જનજાતિય |
| રાધામોહનસિંહ | કૃષિ |
| થાવરચંદ ગેહલોત | સામાજિક ન્યાય |
| સ્મૃતિ ઈરાની | માનવ સંશાધન |
| હર્ષવર્ધન | આરોગ્ય અને પરિવાર કલ્યાણ |
| **રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો)** | |
| વિકેસિંહ | પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ, વિદેશ મંત્રાલય, પ્રવાસી ભારતીય |
| ઈન્દ્રજીતસિંહ રાવ | પરિવાર નિયોજન, આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ |
| સંતોષ ગંગવાર | કાપડ, સંસદીય કાર્ય પ્રધાન, જળસંશાધન, નદી વિકાસ |
| યસો નાયક | સાંસ્કૃતિક અને પ્રવાસ |
| ધર્મેન્દ્ર પ્રધાન | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ |
| સર્વાનંદ સોનોવાલ | કૌશલ વિકાસ, યુવા મામલા અને રમત ગમત |
| પ્રકાશ જાવડેકર | માહિતી અને પ્રસારણ, પર્યાવરણ અને વન્ય, સંસદીય બાબતો |
| પીયુષ ગોયલ | વિજળી, કોલસા, નવીન ઉદ્યોગો |
| જીતેન્દ્રસિંહ | વિજ્ઞાન અને ટેકનોલોજી, પીએમઓ, લોક ફરીયાદ, પેન્શન |
| નિર્મલા સીતારામન | વાણિજ્ય અને ઉદ્યોગ, કોર્પોરેટ બાબતો |
| **રાજ્યમંત્રી** | |
| જીએમ સિદ્ધેશ્વરા | નાગરીક ઉડ્ડયન |
| મનોજસિંહા | રેલવે |
| નિહાલચંદ | રસાયણ અને ખાતર |
| ઉપેન્દ્ર કુશવા | ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ |
| રાધાકૃષ્ણન | ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગ |
| કિરણ રિજજુ | ગૃહ મંત્રાલય |
| કૃષ્ણપાલ | માર્ગ પરિવહન અને રાજમાર્ગ |
| સંજીવકુમાર | કૃષિ અને ખાદ્ય પ્રોસેસીંગ |
| મનસુખ વસાવા | જનજાતી મામલા |
| રાવ સાહેબ | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિત્તરણ |
| વિષ્ણુદેવ સાંઈ | સ્ટીલ અને માઈનીંગ, શ્રમ રોજગાર |
| સુદર્શન ભગત | સામાજિક ન્યાય અને અધિકારી |

## કાળા નાણાં અંગે સીટની રચના

### મોદી કેબિનટની પ્રથમ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા : હાઈ પ્રોફાઈલ ટીમમાં કેટલાક મહત્વના લોકોને સામેલ કરવામાં આવ્યા : સુપ્રિમ આદેશને ધ્યાનમાં લઈને રચના

નવી દિલ્હી,તા. ૨૭

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે આજે વિધિવતરીતે જવાબદારી સંભાળી લઈને એક પછી એક નિર્ણય લેવાની શરૂઆત કરી દીધી છે. મોદી સરકારે આજે તેનો પ્રથમ ફેંસલો કર્યો હતો. પ્રથમ ફેંસલો જ કાળા નાણાના મામલે કરવામાં આવ્યો છે.આના માટે એક ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી ચુકી છે. સીટ દ્વારા કાળા નાણાના મામલે તપાસ હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટીસ એમબી શાહને તેનુ નેતૃત્વ કરવા માટે કહેવામાં આવ્યું છે. અન્ય એક પૂર્વ સુપ્રીમ કોર્ટના જજ અરિજિત પાસાયતને નાયબ અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આજે સાંજે નરેન્દ્ર મોદી કેબિનેટની પ્રથમ બેઠક યોજાઇ હતી. જેમાં સીટની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં સુપ્રીમ કોર્ટે સરકારને ૨૮મી મે સુધી સીટની રચના કરવાનો આદેશ કર્યો હતો.કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે આ અંગે માહિતી આપતા કહ્યું હતુ કે આ હાઈ પ્રોફાઈલ ટીમમાં કેટલાક મહત્વના લોકોને સામેલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર, ઈન્ટેલિજન્સ બ્યુરો, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઇ, ડાયરેક્ટ ટેક્સ બોર્ડ, ફાયનાન્સિયલ ઈન્ટેલિજન્સ અને રોના અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે આ અમારા માટે ખુબ મહત્વનો મુદ્દો હતો. જેથી અમને ખુશી છે કે આ પ્રશ્ને તરત કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

પ્રસાદે કહ્યું હતું કે કેબિનેટની બેઠકમાં સોમવારે યુપીમાં થયેલા રેલવે અકસ્માત અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કેન્દ્રિય કેબિનેટની બેઠકને લઈને ગઈકાલથી ભારે ચર્ચા હતી. કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં તમામ પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ કેબિનેટની બેઠક સાંજે યોજાઇ હતી. જેમાં તમામ નવા પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમિત શાહ ભાજપ પ્રમુખ પદ માટે પ્રબળ દાવેદાર છે

નવી દિલ્હી,તા. ૨૭

ભાજપના નવા પ્રમુખ કોણ બનશે તેને લઈને હવે અટકળો વધુ તીવ્ર બની ગઈ છે. રાજનાથસિંહ નરેન્દ્ર મોદી સરકારમાં સામેલ થઈ જતા ભાજપ પ્રમુખની જગ્યા હવે ખાલી થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપ પ્રમુખપદ માટે હવે અમિત શાહ અને જેપી નડ્ડા વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે. દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં પાર્ટીને ઐતિહાસિક જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર અમિત શાહને ભાજપ પ્રમુખ બનાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. લખનૌના સાંસદ રાજનાથસિંહ સરકારમાં સામેલ થઈ જતા હવે ચર્ચાનો દોર શરૂ થયો છે. પાર્ટી વન મેન વન પોસ્ટના સિદ્ધાંત પર આગળ વધરવા કટિબદ્ધ છે. ભાજપના એક નેતાએ કહ્યું છે કે નવા પક્ષ પ્રમુખના નામની જાહેરાત કરવામાં હજુ થોડાક સમય લાગી શકે છે. કારણ કે નવી સરકાર હવે કેન્દ્રમાં સત્તારૂઢ થઈ છે. અમિત શાહે ભાજપને ઉત્તરપ્રદેશમાં ૮૦ પૈકીની ૭૧ બેઠકો જીતાડવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ભાજપ એન સંઘ દ્વારા તેમની કામગીરીની ભારે પ્રસંસા થઈ હતી.

નરેન્દ્ર મોદી પોતે તેમની ભારે પ્રશંસા કરી ચુક્યા છે. અનંત કુમાર, ધર્મેન્દ્ર પ્રધાન અને થાવરચંદ ગહેલોત સરકારમાં સામેલ થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં શાહ બાકી રહેલા હોદ્દેદારોમાં સૌથી આગળ દેખાઈ રહ્યા છે. કેટલાક વિરોધી તેમની સામે વાંધો પણ ઉઠાવી શકે છે. બીજી બાજુ નડ્ડા પણ દાવેદાર છે. તેઓ નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુ છે. બીજી બાજુ સંઘમાં પણ લોકપ્રિયતા ધરાવે છે. આવી સ્થિતીમાં શાહ અને નડ્ડા વચ્ચે તીવ્ર સ્પર્ધા જામે તેવી શક્યતા છે.

## નવી નરેન્દ્ર મોદી સરકારમાં ઉત્તર અને પશ્ચિમનુ પ્રભુત્વ

નવી દિલ્હી,તા. ૨૭

નરેન્દ્ર મોદી સરકારમાં ઉત્તરપ્રદેશના આઠ પ્રધાનો સ્થાન મેળવી લેવામાં સફળ રહ્યા છે. વારાણસીમાં ચૂંટાઇ આવેલા નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બની ચુક્યા છે. જ્યારે રાજસ્થાન સિંહ પણ કેબિનેટમાં સ્થાન મેળવી ચુક્યા છે. બીજી બાજુ દેશના સૌથી મોટા રાજય એવા ઉત્તરપ્રદેશમાંથી આઠ પ્રધાનોને સ્થાન મળ્યું છે. ઉત્તરપ્રદેશમાં ભાજપે તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવીને ૮૦ પૈકીની ૭૩ બેઠકો જીતી લીધી હતી. ઉત્તરપ્રદેશમાંથી જે લોકોને મોદી સરકારમાં સ્થાન મળ્યું છે તેમાં કાલરાજ મિશ્રા, સંતોષ ગંઘવાર, ઉમા ભારતી, મેનકા ગાંધી, મનોજ સિંહાનો સમાવેશ થાય છે. વીકે સિંહ અને સંજીવ બાલિયન પ્રથમ વખત સ્થાન મેળવી શક્યા છે. નાના હરિયાણામાંથી મોદીએ કેટલાકને તક આપી છે. જેમાં ગુરગાવના સાંસદ રાવ ઈન્દ્રજીત સિંહ અને ક્રિષ્ણાંપાલ ગુજ્જરનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં ભાજપને શાનદાર દેખાવ કર્યો હતો.શિવ સેનાની સાથે મળીને ભાજપે અહીં જોરદાર સપાટો બોલાવ્યો હતો. મહારાષ્ટ્રના છ પ્રધાનોને સ્થાન મળ્યું છે. જેમાં પ્રકાશ જાવડેકરનો સમાવેશ થાય છે. બિહારમાંથી ચાર પ્રધાનોને સ્થાન મળ્યું છે. જેમાં ધર્મેન્દ્ર પ્રધાન્નો સમાવેશ થાય છે. રાજસ્થાન, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ગુજરાત અને છત્તીસગઢમાંતી પ્રધાનોને ઓચુ પ્રતિનિધિત્વ મળ્યું છે. આ તમામ રાજ્યોમાં ભાજપે જોરદાર દેખાવ કર્યો હતો. પશ્ચિમ બંગાળ અને કેરળના કોઇને પ્રતિનિધિત્વ મળ્યું નથી. તમિળનાડુ અને આંધ્રપ્રદેશમાંથી એક એક પ્રતિનિધી મોદી પ્રધાનમંડળમાં છે. કેટલીક બાબતોને ધ્યાનમાં લઈને પ્રધાનમંડળની રચના કરવામાં આવી છે. હરિયાણા, દિલ્હી અને મહારાષટ્રમાં તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ઓક્ટોબર અને નવેમ્બરમાં હરિયાણા અને મહારાષ્ટ્રમાં નવી સરકાર બનનાર છે. જુદા-જુદા રાજયોના પ્રતિનિધિઓને હાલમાં આગામી વ્યુહરચનાને ધ્યાનમાં લઈને કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન અપાયા છે. મોડેથી અન્યોને પણ સમાવાશે.

## ટૂંકમાં ફુલટાઈમ ડિફેન્સ મિનીસ્ટરની વરણી થશે

નવી દિલ્હી,તા. ૨૭

નાણાંમંત્રીની સાથે-સાથે સંરક્ષણનો વધારાનો હવાલો સંભાળી રહેલા અરૂણ જેટલીએ આજે કેબિનેટ વિસ્તરણનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, ટૂંકમાં જ ફુલટાઈમ ડિફેન્સ મિનીસ્ટરની નિમણૂંક કરી દેવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રની વાત કરતાં જેટલીએ કહ્યું હતું કે, સંરક્ષણ આધુનિકિકરણને વધુ ઝડપી બનાવવામાં આવશે. સશસ્ત્રદળોને જરૂરી સાધનો વહેલી તકે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ઉચ્ચપ્રાથમિક્તા આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા થોડાક વર્ષોમાં સેનાને વધુ અતિઆધુનિક હથિયારો આપવામાં ગતિ ધીમી રહી છે. પરંતુ હવે સશસ્ત્રદળોને ઝડપથી હથિયારો ઉપલબ્ધ કરાવવામાં આવશે. જરૂરી સાધનો મેળવવાની પ્રક્રિયા પણ ઝડપી બનાવવામાં આવશે. મંત્રાલયનો વધારાનો હવાલો જેટલીએ કહ્યું હતું કે, ચોક્કસપણે એવી ચિંતા છે કે છેલ્લા થોડાક વર્ષોમાં હથિયારોની પ્રાપ્તિની ગતિ ધીમી રહી છે. જોકે તેમણે આ અંગે વાત કરી ન હતી. સંરક્ષણ ક્ષેત્રમાં ૨૬ ટકા એફડીઆઈના મુદ્દે પૂછવામાં આવતા જેટલીએ કહ્યું હતું કે આ મુદ્દામાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

## કફોડી પરિસ્થિતિમાં રહેલા ખેડૂતોની સ્થિતિને સુધારાશે

નવી દિલ્હી, તા. ૨૭

દેશના નવા કૃષિપ્રધાન રાધા મોહનસિંહે આજે કહ્યું હતું કે, તેમની મુખ્ય પ્રાથમિક્તા ખેડુતોને મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢવાની રહેશે. સાથે-સાથે તેમને વધુ અધિકાર આપવાની રહેશે. ભાવ વધારાને રોકવાની તેમની મુખ્ય પ્રાથમિક્તા રહેશે. કૃષિ કોમોડીટીની કિંમતોને અંકુશમાં રાખવામાં આવશે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં બિહારમાં પૂર્વીય ચંપારણમાંથી ચુંટાઈ આવેલા રાધામોહનસિંહે કહ્યું હતું કે, તેઓ આવતીકાલે તેમની જવાબદારી સંભાળશે. તેમણે કહ્યું હતું કે, અમારી પ્રાથમિક્તા દેશના ખેડુતોને સમૃદ્ધ બનાવવાની રહેશે. કૃષિ પેદાશોમાં ભાવ વધારાને કાબુમાં લેવાના પગલા લેવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવી ચુકેલા સિંહે કહ્યું હતું કે, તેમનું ધ્યાન ઘણી બધી બાબતો પર કેન્દ્રીત રહેશે. જનસંઘ અને ભાજપના સક્રિય સભ્ય તરીકે રહી ચુકેલા સિંહે કહ્યું હતું કે, આખરે તેમને ફળ મળ્યુ છે. નરેન્દ્ર મોદી કેબિનેટમાં તેમને સ્થાન મળતા તેઓ ખુશખુશાલ દેખાયા હતા. બિહારમાં મોતીહારીમાંથી કેરીયરની શરૂઆત કરી ચુકેલા ૬૪ વર્ષીય સિંહે કહ્યું હતું કે, તેઓ ઘણા સમયથી ભાજપમાં સક્રિય રહ્યા છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારમાં તેમને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવામાં આવી છે. અગાઉ જાહેરસભામાં અને ચુંટણી પ્રચાર દરમિયાન મોદીએ કહ્યું હતું કે, રાધા મોહનસિંહ તેમના જુના મિત્રો પૈકીના એક છે. અમે લાંબા સમયથી એક સાથે કામ કરી ચુકયા છીએ. ૧૯૮૯ બાદથી મોતીહારીમાંથી પાંચ વખતના સાંસદ સિંહ સંસ્થાકીય સભ્ય તરીકે રહ્યા છે. કૃષિ ક્ષેત્રમાં તેઓ વિશાળ અનુભવ ધરાવે છે. તેમના પ્રયાસો અને અનુભવને ધ્યાનમાં લઈને તેમને મુખ્ય જવાબદારી સોંપાઈ છે. રેલવે, દૂરસંચાર, પેટ્રોલિયમ, કુદરતી ગેસ, ભૂમિ પરિવહન જેવા મંત્રાલયોમાં જુદી-જુદી કમિટીઓમાં તેઓ સભ્ય તરીકે છે.

## કેજરીવાલ જેલથી મુક્ત

### બોન્ડની રકમ જમા કર્યા બાદ મુક્તિ માટેના આદેશ કરાયા

નવી દિલ્હી,તા. ૨૭

નિતીન ગડકરી કેસના સંબંધમાં ૨૧મી મેના દિવસથી દિલ્હીની તિહાર જેલમાં રહેલા આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલનો આજે પર્સનલ બોન્ડની રકમ જમા કરાવી દીધા બાદ જેલમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા હતા. કેજરીવાલે પટિયાળા હાઉસ કોર્ટમાં પર્સનલ બોન્ડની રકમ જમા કરી હતી. પર્સનલ બોન્ડની રકમ જમા કરવામાં આવ્યા બાદ તેમની મુક્તિ માટેના આદેશ જારી કરવામા આવ્યા હતા. કેજરીવાલને રાત્ર આઠ વાગ્યે તિહાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. કેજરીવાલની અરજી પર દિલ્હી હાઈકોર્ટે આજે સુનાવમી હાથ ધરી હતી. કોર્ટે સલાફ શબ્દોમાં કહ્યું હતું કે પર્સનલ બોન્ડની રકમ જમા કરવી જ પડશે.ત્યારબાદ કેજરીવાલે કોર્ટના આદેશને સ્વીકારી લઈને બોન્ડની રકમ જમા કરી હતી.

## સમાચાર ઝલક

- રાજકોટમાં એક કરોડની ચાંદીની છેતરપીંડીના ગુનામાં પોલીસને કોર્ટનો રેલો આવતાં દોડધામ.
- વિદેશમાં ખર્ચની મર્યાદા ૨ લાખ ડોલર થશે, રિઝર્વ બેંક ટૂંકમાં નિર્ણય કરશે.
- ૬૦ વર્ષ સુધી પદ અને પ્રતિષ્ઠાનું પ્રતીક બનેલ એમ્બેસેડરનું નિર્માણ બંધ.
- ભારતમાં દર વર્ષે ૩ લાખ બાળકો જન્મજાત હૃદયની ખામીવાળા જન્મે છે.
- પરિવાર વિના સરકારી આવાસમાં રહેનાર નરેન્દ્રભાઇ મોદી પ્રથમ વડાપ્રધાન બનશે.
- ચીનમાં હાઇવે ઉપરથી યુદ્ધવિરામો ઉતરી શકશે, વિમાન ઉતારવાની ક્ષમતા કેળવી લીધી છે.
- નરેન્દ્રભાઇ મોદીના શપથગ્રહણ સમારંભનું પાકિસ્તાનમાં પણ જીવંત પ્રસારણ.
- અમેરિકન પ્રમુખ બરાક ઓબામાએ અચાનક અફઘાનિસ્તાનની મુલાકાત લીધી.
- દેશમાં વપરાતાં ચૂર્ણ પૈકી કાયમચૂર્ણ ૯૮ ટકા હિસ્સો ધરાવે છે, ભાવનગર માટે ગૌરવરૂપ છે.
- બ્યુટી ક્વિન અભિનેત્રી એશની ખુબસુરતીથી તમામ પ્રભાવિત બન્યા.
- અલ-નીનોની દરિયાઇ અસરો વચ્ચે ભારતમાં દુષ્કાળના ઓછાયા વર્તાશે.
- અરવિંદ કેજરીવાલ જેલમાં યોગ અને આત્મમંથન કરે છે.
- કેશુબાપાના ગોઠણના સાંધાનું ગુરૂવારે આપરેશન થશે.
- સૂરત પંથકમાં વીજ મીટરોને કેરોસીન છાંટીને સળગાવ્યા.
- મુંબઇમાં ૯ વર્ષના બાળકને દાદીમા થાંભલે બાંધીને કામે જાય છે.
- મહેસુલી કેસ - શરતભંગનાં ઢગલાબંધ કેસો પડતર.
- પોરબંદરની ચોપાટી ઉપર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું અદ્ભૂત રેતી શિલ્પ દોરવામાં આવ્યું.
- શનેશ્વર જયંતી ઉજવાશે, શનિ મંદિરોમાં શ્રદ્ધાળુઓ ઉમટશે.
- જે દેશમાં વસતાં હોઇએ તેને વફાદાર થઇ દેશ સેવા કરવી જોઇએ : સ્વામી માધવપ્રિયદાસજી